નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક
ની નાયબ નિયામકશ્રી, આણંદ,વલસાડ તેમજ સુરત
ની ત્રણ જિલ્લા કચેરીના આધુનિકરણ માટે ૨૦૧૬-૧૭
ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત
રૂ. ૪૦.૦૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૫/૮૩૩૧૭૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૬/૧૦/૨૦૧૬

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૧/૦૩/૨૦૧૬નો પત્રક્રમાંક:
અજાક/રેકર્ડ/૩૬૪/૨૦૧૬/ખ

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આણંદ, વલસાડ તથા સુરત જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીઓના આધુનિકરણ માટે નિયામકશ્રી, અ.જા.ક.એ દરખાસ્ત કરેલ હતી. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં આ ત્રણેય કચેરીઓના આધુનિકરણ માટે કુલ રૂ.૪૦.૦૦ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આણંદ, વલસાડ તથા સુરત જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીઓના આધુનિકરણ માટે માટે રૂ.૪૦.૦૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૬) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૮) ત્રણેય કચેરીઓના રિનોવેશન માટે જોઈતી કુલ રકમ રૂ.૬૨.૪૪ લાખમાં ખૂટતી રકમ રૂ.૨૨.૪૪ લાખની જોગવાઈ વર્ષ ૨૦૧૬-૧૭ના સુધારેલ અંદાજપત્રમાં કરાવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૯/૧૦/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- પસંદગી ફાઇલ.